**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૬૩૮/૨૦૨૩.**

**આંક : – .......**

**ફરિયાદી** :– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર.

**: વિરૂધ્ધ :**

**આરોપી** :–
૧. **સિકયોર વેલ્યુ ઈન્ડિયા લિ.,**
૩૨–અંબિકા હાઉસીંગ સોસાયટી,
નાબાર્ડ બેન્ક પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ.
૨. **શ્રી રવિ ગોયલ–મેનેજીંગ ડિરેકટરશ્રી,**
૩. **શ્રી પ્રશાંત દલવી–સ્ટેટ હેડશ્રી,**
૪. **શ્રી રણજીતસિંહ ગોહિલ–બ્રાન્ચ મેનેજરશ્રી,**
૮/૦. સિકયોર વેલ્યુ ઈન્ડિયા લિ.,
૩૨–અંબિકા હાઉસીંગ સોસાયટી,
નાબાર્ડ બેન્ક પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ.

**ગુન્હો** :– **લઘુતમ વેતન ધારાની કલમ–૨૨ (એ) મુજબ.**
**આરોપી તરફે** :– **વિ. વ. શ્રી એન. વી. જોષી.**

**–: ચૂ કા દો :–**

૧. હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

૨. ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :–

આ કામના ફરિયાદી લઘુતમ વેતન ધારાની કલમ–૧૮ હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ દ્વારા આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા દ્વારા **લઘુતમ વેતનના નિયમ–૨૬(ડી), ૨૬(બી)(૧), ૨૨ અને ૨૧(૪)** હેઠળ ગુન્હો કરવામાં આવેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

૩. આરોપીને સમન્સ બજી જતાં આરોપી નં.૪ પોતે તથા આરોપી નં.૧ થી નં.૩ વતી ઓથોરીટી સાથે આરોપી નં.૪ આજરોજ હાજર થતાં, આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છિક રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત આરોપી વિરૂઘ્ધ પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ, છતાં તેઓએ પોતે તથા આરોપી નં.૧ થી નં.૩ વતી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

૪. ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું–૭૦૯** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂઘ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ ::–**

૧. સદર કામે આરોપીને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **લઘુતમ વેતનના નિયમ–૨૬(ડી), ૨૬(બી)(૧), ૨૨ અને ૨૧(૪)** હેઠળ તકસીરવાન ઠરાવીને **કુલ રૂા.૩૨,૦૦૦/– (અંકે રૂપિયા બત્રીસ હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.** જો આરોપી દંડ ન ભરે તો **આરોપી નં.૨, નં.૩ અને નં.૪ દરેકને એક માસની સાદી કેદની સજા** ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૧૩/૦૫/૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.